# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 21-મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે. આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ આ વાત કહી. તેમણે કહ્યું, અવકાશમાંથી સલામત રીતે પરત આવેલા શુભાંશુ શુક્લા પર સમગ્ર દેશને ગર્વ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "સ્વચ્છ ભારત અભિયાન" ટૂંક સમયમાં 11 વર્ષ પૂર્ણ કરી લેશે. તેમણે આ અભિયાન જન આંદોલન બની ગયું હોવાનું જણાવ્યું. શ્રી મોદીએ અમદાવાદમાં રિવરફ્રન્ટ પર થયેલી સાફ-સફાઈએ સૌનું ધ્યાન ખેંચ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો.

**(BYTE: PM MODI ON SWACHHA BHARAT MISSION)**

આગામી 23 ઑગસ્ટે ઉજવવામાં આવનારા રાષ્ટ્રીય અવકાશ દિવસ અંગે પ્રધાનમંત્રીએ શ્રોતાઓને નમો ઍપ દ્વારા આ દિવસની ઉજવણી કઈ રીતે કરવી તે અંગે વિચાર રજૂ કરવા અપીલ કરી.

. . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA VIDYAPITH

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ દેશની શૈક્ષણિક સંસ્થાઓને આધુનિક બનાવવા પર ભાર મૂક્યો. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલા "ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિ-વાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી" કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ

આ વાત કહી. તેમણે કહ્યું, પાયાના શિક્ષણને આત્મસાત કરવાની જરૂર છે. શ્રી માંડવિયાએ વ્યસનને સૌથી મોટી સમસ્યા ગણાવતાં તેની સામે સૌને સાથે મળી લડવા અપીલ કરી.

**(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)**

આ પહેલા શ્રી માંડવિયાએ અમદાવાદમાં સાબરમતી આશ્રમથી ગૂજરાત વિદ્યાપીઠ સુધીના માર્ગ પર “સન્ડે ઑન સાયકલ” કાર્યક્રમમાં ભાગ લઈ સાઈકલ ચલાવી હતી. તેમની સાથે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો પણ જોડાયા હતા.

. . . . . . . . . . .

# ASHWINI VAISHNAV VADODARA

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે વડોદરામાં વ્યાપક સમીક્ષા બેઠક યોજી અને રાજ્યની રેલવે પરિયોજનાઓની પ્રગતિનો અહેવાલ મેળવ્યો.

દરમિયાન વડોદરાના સાંસદ ડૉક્ટર હેમાંગ જોષી, મધ્ય અને પશ્ચિમ રેલવેના G.M, D.R.M. અને અન્ય રેલવે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. અધિકારીઓએ વર્તમાન રેલવે પરિયોજના અને નવી લાઈન દરખાસ્તોની સ્થિતિ અંગે મંત્રીશ્રીને માહિતી આપી. બાદમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વડોદરામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ પણ સાંભળ્યો હતો.

. . . . . . . . . . .

# RAJNATH SINGH GATI SHAKTI

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ભારત તેની માળખાગત સુવિધાઓ અને સૈન્યતંત્ર ક્ષેત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન જોઈ રહ્યું છે, જે દેશના આર્થિક વિકાસ માટે મજબૂત પાયો નાખે છે. વડોદરાની ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયના પદવીદાન સમારોહને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી સિંઘે આ વાત કહી.

(BYTE: RAJNATH SINGH, DEFENCE MINISTER)

સૈન્ય-તંત્ર ક્ષેત્રને 21મી સદીના ભારત માટે મહત્વના પરિવર્તન તરીકે ગણાવતા તેમણે કહ્યું, આમાં યુવાનો માટે પુષ્કળ તક છે અને તે વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. સરકારની પહેલો પર પ્રકાશ પાડતા, શ્રી સિંઘે કહ્યું, મલ્ટિ-મૉડલ પરિવહન કેન્દ્ર બનાવવા અને મિશન મૉડ યોજનાઓના અમલીકરણ જેવી પહેલોએ સૈન્ય-તંત્ર ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને આંકડા આધારિત નિર્ણય લેવાને પ્રોત્સાહન આપ્યું છે.

આ જ કાર્યક્રમમાં બોલતા, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગત 11 વર્ષમાં ભારતીય રેલવેમાં પરિવર્તનશીલ ફેરફાર પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, રેલવે નેટવર્ક 5 હજાર 300 કિલોમીટર વિસ્તર્યું છે અને ટનલ બાંધકામ 368 કિલોમીટર સુધી પહોંચ્યું છે. શ્રી વૈષ્ણવે સ્નાતક વિદ્યાર્થીઓને ભારતની વિકાસ યાત્રામાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા. આ ક્ષેત્રમાં નવીનતાના મહત્વ પર ભાર મૂક્યો.

તેમણે યુવાનોને "વિકાસના એન્જિન" તરીકે ઓળખાવ્યા અને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને ટેકો આપવા તેમને અપીલ કરી.

પદવીદાન સમારોહ દરમિયાન કુલ 194 વિદ્યાર્થીએ વિવિધ વિષયમાં પદવી પ્રાપ્ત કરી. દરેક અભ્યાસક્રમમાંથી એક વિદ્યાર્થીને શૈક્ષણિક શ્રેષ્ઠતા પુરસ્કારથી સન્માનિત કરાયા. જ્યારે ઉત્કૃષ્ટ પરિયોજના અને શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કારો પણ અપાયા.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે ભારે વરસાદ વરસ્યો. દરમિયાન રાજ્યમાં વરસાદની પરિસ્થિતિની માહિતી મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે રાજ્ય આપત્તિ નિયંત્રણ રૂમ – SEOC કેન્દ્રની મુલાકાત લીધી. તેમણે જિલ્લાના કલેક્ટરો સાથે ટેલીફોનિક વાતચીત કરી તેમને વરસાદી સ્થિતિ પર સતત નજર રાખવા અને સમગ્ર વહીવટી તંત્રને સતર્ક રહેવા જણાવ્યું.

અમદાવાદમાં હાલમાં વરસાદી માહોલ સર્જાયો છે. છેલ્લા 4 કલાકમાં સૌથી વધુ સાડા 8 ઇંચ વરસાદ દસક્રોઈ તાલુકામાં નોધાયો છે.

બીજી તરફ પાટણના નવ તાલુકામાં 7 ઇંચ સુધીનો વરસાદ વરસ્યો. મહેસાણા જિલ્લામાં 4 ઇંચથી વધુ વરસાદ નોંધાયો. ધરોઈ બંધ 81.13 ટકા ભરાતા બંધની સપાટી 616 ફૂટે પહોંચી છે. પંચમહાલમાં પણ ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છ.